Subject : ગણિત
Standard : ધોરણ 6
Chapter : 5
Name : ______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
## તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 30 min
Date : 19/05/2020
Marks : 25
Roll No. : ___________

---

**Q - 1 (A) યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**

1. જે ચતુષ્કોણની ચારે બાજુઓ સરખી હોય તે ચતુષ્કોણને ....... કહેવાય.
   A. ચોરસ B. લંબચોરસ C. સમબાજુ ચતુષ્કોણ D. સમલંબ ચતુષ્કોણ
2. $1\frac{3}{5}$ કાટખૂણો = કેટલા અંશ ( ડિગ્રી ) ?
   A. 150° B. 126° C. 144° D. 124°
3. 1 સરળકોણ એટલે કેટલા કાટખૂણા થાય ?
   A. 1 B. 2 C. 3 D. 4

**Q - 1 (B) ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**


4. રેખાખંડનું ચોક્કસ માપ જાણવા માટે .........નો ઉપયોગ કરવો જોઈએ.
5. ઘડિયાળનો કલાક કાંટો $\frac{1}{2}$ પરિભ્રમણમાં .......... કાટખૂણા જેટલું ફરે.
6. □PQRમાં □P = 10°,□Q 20 = 30° અને □R = 140° છે, તો □PQR ....... ત્રિકોણ છે.(લઘુકોણ, ગુરુકોણ, કાટકોણ)

**Q - 1 (C) નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**


7. ગોળાને ધાર કે ફલક હોતાં નથી.
8. લંબચોરસ એ સમાંતરબાજુ ચતુષ્કોણ પણ છે.
9. લંબચોરસની સામસામેની બાજુઓની લંબાઈ સરખી છે .

**Q - 2 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 4)**

10. ફલક , ધાર અને શિરોબિંદુ નીચેની આકૃતિઓમાં કેટલાં છે તે કહો :



11. ફલક , ધાર અને શિરોબિંદુ નીચેની આકૃતિઓમાં કેટલાં છે તે કહો :



12. વ્યાખ્યા આપો : સમાંતરબાજુ ચતુષ્કોણ
13. માત્ર નિરીક્ષણ કરી રેખાખંડોની સરખામણી કરવામાં કયો ગેરલાભ થાય છે ?

**Q - 3 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 2 ગુણ)** **(Marks - 6)**

14. ઘડિયાળનો કાંટો ક્યાં ઊભો હશે ?
   (i) જો 12 થી શરૂ કરે અને ઘડિયાળની દિશામાં $\frac{1}{2}$ આંટો પૂર્ણ કરે .
   (ii) જો 2 થી શરૂ કરે અને ઘડિયાળની દિશામાં $\frac{1}{2}$ આંટો પૂર્ણ કરે .
   (iii) 5 થી શરૂ કરે અને ઘડિયાળની દિશામાં $\frac{1}{4}$ આંટો પૂર્ણ કરે.
   (iv) 5 થી શરૂ કરે અને ઘડિયાળની દિશામાં $\frac{3}{4}$ આંટો પૂર્ણ કરે .

BHAVDIP VADHER (E-LEARNING)

15. નીચેનો સમય દર્શાવતી ઘડિયાળ દોરી બે કથા વચ્ચેનો ખૂણો કાટખૂણા જેટલો, કાટખૂણાથી મોટો કે કાટખૂણાથી નાનો છે તે ચકાસો : 2 થી શરૂ કરી 5 પર ખસે છે .

16. આપેલ સ્થિતિમાંથી તમે ફરો ત્યારે કેટલા કાટખૂણા રચાશે ?
(i) ઘડિયાળની દિશામાં દક્ષિણમાંથી પશ્ચિમમાં (ii) ઘડિયાળની વિરુદ્ધ દિશામાં ઉત્તરથી પૂર્વમાં
(iii) પશ્ચિમથી પશ્ચિમમાં (iv) દક્ષિણથી ઉત્તરમાં

**Q - 4 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 3 ગુણ)** **(Marks - 6)**

17. તમે ઊભા છો તે દિશામાંથી ફરો , ત્યારે કેટલો આંટો ફરો છો તે કહો :
(i) પૂર્વમાંથી ઘડિયાળની દિશામાં ઉત્તરમાં (ii) દક્ષિણમાંથી ઘડિયાળની દિશામાં પૂર્વમાં (iii) પશ્ચિમમાંથી ઘડિયાળની દિશામાં પૂર્વમાં

18. (a) ઘડિયાળનો કલાકનો કાંટો નીચેના સમય દરમિયાન કેટલા કાટખૂણા જેટલું ફરે છે તે કહો :
(i) 3 થી 6 (ii) 2 થી 8 (iii) 5 થી 11 (iv) 10 થી 1 (v) 12 થી 9 (vi) 12 થી 6

## Best Of Luck

BHAVDIP VADHER (E-LEARNING)

Subject : ગણિત
Standard : ધોરણ 6
Chapter : 5

# ANSWERS

Exam Time : 30 min
Date : 19/05/2020
Marks : 25

---

**Q - 1 (A) યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**

1. સમબાજુ ચતુષ્કોણ
2. 144°
3. 2

**Q - 1 (B) ખાલી જગ્યા પૂરો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**

4. દ્વિભાજક
5. 2
6. ગુરુકોણ


**Q - 1 (C) નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 3)**

7. ખરું (True)
8. ખરું (True)
9. ખરું (True)

**Q - 2 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 1 ગુણ)** **(Marks - 4)**

10. ફલક = 5, ધાર = 9, શિરોબિંદુ = 6
11. ફલક = 4, ધાર = 6, શિરોબિંદુ = 4
12. જે ચતુષ્કોણમાં સામસામેની બાજુ સમાંતર અને સરખી લંબાઈ હોય પરંતુ વિકર્ણોની લંબાઈ સરખી ન હોય તેને સમાંતરબાજુ ચતુષ્કોણ કહેવાય.
13. માત્ર નિરીક્ષણ કરી , આપણે ચોક્કસ અનુમાન કરી શકતા નથી . જો બે રેખાખંડોની લંબાઈ લગભગ સમાન હોય ત્યારે કયા રેખાખંડની લંબાઈ વધારે છે તે જાણી શકાતું નથી . આથી , રેખાખંડોની સરખામણી કરવામાં ગેરલાભ થાય છે .

**Q - 3 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 2 ગુણ)** **(Marks - 6)**

14. (i) ઘડિયાળનો કાંટો 6 ઉપર ઊભો હશે . (ii) ઘડિયાળનો કાંટો 8 ઉપર ઊભો હશે .
    (iii) ઘડિયાળનો કાંટો 8 ઉપર ઊભો હશે . (iv) ઘડિયાળનો કાંટો 2 ઉપર ઊભો હશે .
15. ઘડિયાળનો કાંટો 2 થી શરૂ કરી 5 પર ખસે ત્યારે 90° ખૂણો બનશે . 

16. (i) ઘડિયાળની દિશામાં દક્ષિણમાંથી પશ્ચિમમાં ફરતાં 1 કાટખૂણો રચાય છે .
    (ii) ઘડિયાળની વિરુદ્ધ દિશામાં ઉત્તરથી પૂર્વમાં ફરતાં 3 કાટખૂણા રચાય છે .
    (iii) ઘડિયાળની દિશામાં કે વિરુદ્ધ દિશામાં પશ્ચિમથી પશ્ચિમમાં ફરતાં 4 કાટખૂણા રચાય છે .
    (iv) ઘડિયાળની દિશામાં કે વિરુદ્ધ દિશામાં દક્ષિણથી ઉત્તરમાં ફરતાં 2 કાટખૂણા રચાય છે .

**Q - 4 નીચેના પ્રશ્નોનાં ગણતરી કરી જવાબ મેળવો. (પ્રત્યેકનો 3 ગુણ)** **(Marks - 6)**

17. (i) પૂર્વમાંથી ઘડિયાળની દિશામાં ઉત્તરમાં ફરતાં $\frac{3}{4}$ આંટો ફરે છે .
    (ii) દક્ષિણમાંથી ઘડિયાળની દિશામાં પૂર્વમાં ફરતાં $\frac{3}{4}$ આંટો ફરે છે .
    (iii) પશ્ચિમમાંથી ઘડિયાળની દિશામાં પૂર્વમાં ફરતાં $\frac{1}{2}$ આંટો ફરે છે .

BHAVDIP VADHER (E-LEARNING)

18. (i) ઘડિયાળના કાંટા 3 થી 6 દરમિયાન 1 કાટખૂણા જેટલું ફરે છે.
(ii) ઘડિયાળના કાંટા 2 થી 8 દરમિયાન 2 કાટખૂણા જેટલું ફરે છે.
(iii) ઘડિયાળના કાંટા 5 થી 11 દરમિયાન 2 કાટખૂણા જેટલું ફરે છે.
(iv) ઘડિયાળના કાંટા 10 થી 1 દરમિયાન 1 કાટખૂણા જેટલું ફરે છે .
(v) ઘડિયાળના કાંટા 12 પી 9 દરમિયાન 3 કાટખૂણા જેટલું ફરે છે.
(vi) ઘડિયાળના કાંટા 12 થી 6 દરમિયાન 2 કાટખૂણા જેટલું ફરે છે.

BHAVDIP VADHER (E-LEARNING)